

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'ધો એડવાન્સ!' અર્થતંત્રે આભાસી સુધાર કરો!*
*મારો પોતાના પગે જ કુહાડાને ઉધાર કરો !*
*ખેલો ! જુગાર પોતાના પગારથી માણી લ્યો મજા!*
*પછી, પગારે તો ધાર આંસુડાંની ચોધાર કરો!*

હાઈકુ

*સીતાબેનનો*
*ખેલ ખતરનાક -*
*પછી ખાશે શું?*
*(કર્મીઓ ને મધલાળ)*

*આદતી નશો !*
*ઉધારીનો આનંદ -*
*બગાડે ટેવ!*
*(શક્તિ પ્રમાણે લંબાવો પગ)*

### ચિંતન

*તિમિંગિંગલ ગિલોપ્યસ્તિ, તિદ્‌ગિલોઅપ્યસ્તિ રાઘવઃ ।*
*કશ્ચિદ્દ્તુ તદ્‌ગિલોઅસ્તીતિ, મત્વા મન્યતે કહિચિત ॥*

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**સમુદ્રમાં 'તિમિ'નામની એક ગર્વિત માછલી થાય છે . આ તિમિ નામની માછલીને પણ ગળી જનારી 'તિમિંગલ' નામની માછલી થાય છે. અને આ મહાસાગરમાં 'રાઘવ' નામની મોટી માછલી આ તિમિંગલ ગલને પણ ગળી જાય છે અને કોણ જાણે આ રાઘવથી પણ મોટી માછળી અન્ય સમુદ્રોમાં થતી પણ હશે.**

**આ દૃષ્ટાંત પરથી એટલું જ સમજવાનું છે કે 'હું બધાથી સવાયો અને શ્રેષ્ઠ છું.' અવો અહંભાવ કદી પણ રાખવો નહીં. આ સંસારમાં એકમેકને ગળી જનારા કેટલાય અહંવાદી મચ્છો પડ્યા છે, પોતાની શક્તિ રુપી અહં ને જ શ્રેષ્ઠ માનતા ગર્વિત થઈ ફર્યા કરે છે.**

**સારએ જ છે કે હું જ શ્રેષ્ઠ છું - મને કોઈ સુધારી ન શકે - એવું અભિમાન ન રાખવું.**

### સુવિચાર

- જે માણસે પોતાનો ઉત્સાહ ગુમાવી દીધો છે, તે દુનિયાનો સૌથી નઠારો દેવાળિયો છે - **બોધિવૃક્ષ**
- જયારે બાળકો માબાપની ભૂલોને સુધારતાં થાય છે, ત્યારે કાયદો લજ્જા અનુભવતો હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લોકોની સમસ્યાઓ જાણવા માટે તેમની સાથે રહો અને તે સમસ્યાઓનાં ઉકેલ માટે ભગવાન સાથે રહો - **જન્મભૂમિ**
- જે વ્યક્તિ કયારેક કોઈનો દ્વેષ ન કરે, તે નિત્ય સંન્યાસી છે - **જીવન પાથેય**
- વૈષ્ણવના ઘેર હરિચર્ચા ન થાય તો તે નરક છે, વેશ્યાના ઘેર ભગવદ્‌ચર્ચા થતી હોય તો તે સ્વર્ગ છે. સ્વર્ગ એટલે સજ્જનોનો સંગ - **મોરારિ બાપુ**
- ઈશ્વર હવે ધર્માચાર્યો ને મોઢેથી નથી જમતો, ગરીબોને મોઢેથી જમે છે - **હરિભાઈ કોઠારી**
- આજનું ઔષધ : એલર્જીની શરદીમાં ૫ મીલી, લવીંગનું તેલ સાથે, ૫ મિલિ સરસવનું તેલ માથા પર, છાતી પર, ગળા પર હળવે હાથે માલિશ કરવાથી ચાર દિવસમાં ફાયદો થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ફકીરે કંઈક જુદી રીતે ખુદાની બંદગી શરૂ કરી. કોઈને મળવાનું નહીં. એક મીણબત્તી પેટાવી બોલ્યા કરે. 'શમ્મા જલા કે દિલ મેં તેરા ઈન્જાર હૈ' મીણબત્તી રાતદિવસ જલતી રાખે. લોકોમાં વાત ફેલાઈ. લોકોને થયું એ ફકીરને મીણબત્તી ખૂટી ન પડે એટલે લોકો મીણબત્તીનું પેકેટ ઝૂંપડી એ મૂકી જાય. ફકીર બોલતા કે 'શમ્મા જલા કે દિલ મેં તેરા ઈન્તજાર હૈ' આ ભોલ ભોળા લોકો પણ બોલવા લાગ્યા. એ લોકો એવું પણ માનવા લાગ્યા કે આપણે ફકીરને મીણબત્તી આપી છે એટલે એમની બંદગીમાં આપણો ભાગ પણ ખરો જ. ફકીરબાબાની લાગવગથી આપણને બેહિસ્તમાં સ્થાન મળી જાય એવી ગણતરી કરવા લાગ્યા. ત્યાં એક મસ્તરામ આવી ચડ્યો. એણે ફકીરની બંદગી, મીણબત્તી ને અખંડ સળગાવી રાખવની ટેક, ફકીરના બોલ, ફકીરનો એકાંતવાસ જોઈ એ ખડખડાટ હસવા લાગ્યો. એક રાત્રે ફકીરની ઝૂંપડીમાં પેલા મસ્તરામે આગ લગાડી. ફકીર જીવ બચાવવા બહાર આવ્યો પેલા મસ્તરામે તેને કહ્યું, 'અરે બેવકૂફ, શમ્મા સે કયા હોગા?' શૌલા કહ, શૌલા. શૌલા જલા કે દિલ મેં તેરા ઈન્તજાર હૈ.' સાર એ છે કે અંતરમાં ભડકો નથી થતો ત્યાં સુધી ઈશ્વર નથી મળતા.

# અર્થતંત્રના પડકારો નાના-સૂના નથી

કોરોનાકાળ પૂર્વે પણ ભારતનું અર્થતંત્ર મનમોહન સરકારના સમયગાળા કરતાં ઘણું કથળી ચૂક્યું હતું. નરેન્દ્ર મોદીને મદદરુપ થવા આવેલા વિશ્વપ્રસિદ્ધ ભારતીય અર્થશાસ્ત્રીઓ સરકાકની ગાંડીઘેલી અર્થનીતિ અને પ્રચાલલીલાથી ત્રાસીને એક યા બીજું બહાનું કાઢી ખસી ગયા હતા. રિઝર્વ બેંકના ગર્વનરોએ મોં ફેરવી લીધું હતું અને રઘુરામ રાજનથી લઈ ઉર્જિત પટેલ સુધીના હોદ્દેદારોએ ભારત સરકારની નોકરી છોડી દઈ એમની મૂળ પ્રોફેસરી સંભાળી લીધી હતી. મનમોહનસિંહે ખાડે ગયેલી અર્થવ્યવસ્થાને પાટા પર આણીને ભારતને વૈશ્વિક સ્તરનું અર્થતંત્ર બનવાની સબળ પીઠિકા પૂરી પાડી હતી. ખુદ અમેરિકન પ્રેસિડેન્ટ બરાક ઓબામા એમની અર્થનીતિના પ્રશંસક હતા. મોદીશાસનમાં કોઈ સબળ અર્થશાસ્ત્રી નાણામંત્રી ન મળી શક્યો. એક પછી એક ખોટા નિર્ણયો લેવાતા રહ્યા જેમાં બે બાબતોએ સૌથી મોટું આર્થિક નુકશાન કર્યું. જીએસટી અને ડિમોનિટાઈઝેશન. કાળું નાણું નાથવાને બદલે આ નિર્ણય ઊલટાનો પ્રજાની બેહાલીનું કારણ બન્યો. છતાં કોઈ સબળ પ્રતિસ્પર્ધી નહીં હોવાને કારણે અને હિંદુત્વના પ્રબળ મોજાની અસરમાં મોદીશાસન રંગેચંગે પાછું આવ્યું જેનો અર્થ એવો કરાતો રહ્યો છે કે એ બેઉ પગલાંનો જનતા જનાર્દને સ્વીકાર કર્યો હતો. કોરોના સંક્રમણ પછી અણધડ લોકડાઉન નીતિ અને ધંધા-રોજગાર પર મુકાયેલા પ્રતિબંધોએ ભારતના ખોડંગાતા અર્થતંત્રની કમર તોડી નાખી છે. 'પાંચ ટ્રિલિયન'ની આર્થિક સત્તા બનવાની બડાશ હાંકતી કેન્દ્ર સરકાર પાસે કોરોનાકાળ પછીની બેકારી અને બેરોજગારી કે ભૂખમરાને રોકવાને કોઈ કારગત ઉપાય નથી. સુબ્રમણ્યમ સ્વામી જેવા બાજપના જ અર્થશાસ્ત્રી નેતા અગાઉ દેશને ખાડામાં ઉતારવા માટે તત્કાલીન નાણાંમંત્રી અરુણ જેટલીને જવાબદાર ગણતા હતા. જેટલીની જગ્યાએ બેઠેલાં મહિલા નાણામંત્રી તો કોરોનાને ભગવાને વરસાવેલો અભિશાપ ગણી હાથ અધ્ધર કરી ચૂક્યાં છે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ (આઈએમએફ) દ્વારા જારી કરાયેલા વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં તો ભારતની સ્થિતિ ભુખાવળા પાડોશી દેશો કરતાં પણ બદતર બની રહેવાની આગાહી કરાઈ છે. માથાદીઠ જીડીપીમાં બાંગ્લાદેશ ભારત કરતાં પણ આગળ નીકળી જશે અને માત્ર નેપાળ તથા પાકિસ્તાન જ પાછળ રહેશે એવું અનુમાન વ્યક્ત થયું છે. આ અહેવાલ ઘણો વૈજ્ઞાનિક અને વિશ્વસનીય ગણાતો રહ્યો છે. ભારતનો વિકાસ દર તળિયે પહોંચી ચૂક્યો છે. - 'માઈનસ'માં ચાલી રહ્યો છે. ત્યારે ૨૦૨૦માં બાંગ્લાદેશમાં વ્યક્તિ દીઠ જીડીપી ૪ ટકાના દરે વધારો પામે એવી શક્યતા છે. ત્યારે બારતના વ્યક્તિદીઠ સાડા દસ ટકાના ઘટાડા સાથે એ ૧૮૭૭ ડૉલર સુધી નીચે આવવાનું અનુમાન લગાવાયું છે. ભારત કરતાં હંમેશા પાછળ રહેલું બાંગ્લાદેશ ઊંચા સ્તરે રહેશે. મહામારી દરમિયાન પણ ભારતના નાના પડોશીઓએ અર્થતંત્રને ટકાવી રાખ્યું છે. ભુતાન, માલદીવ અન શ્રીલંકાની સ્થિતિ પણ ભારત કરતાં સારી રહેવા પામી છે. કેન્દ્ર સરકાર માટે આઈએમએફનો આ રિપોર્ટ નામોશી સમાન છે એટલે એ તો અપેક્ષા મુજબ એને નકારવાનું જ વલણ અપનાવે તે સ્વાભાવિક છે. પરંતુ આવી શાહમૃગ નીતિ અંગે તો શતમુખ વિનિપાતમાં જ પરિણમી શકે. સરકારે આવી ચેતવણીને ગંભીરતાપૂર્વક લેવી જોઈએ. સરકાર માત્ર હિંદુત્વના એજન્ડા, રામમંદિર કે કાશ્મીર મુદ્દાના નશામાં રહે અને પ્રજા રિબાતી રહે એ તો લોકતંત્રની સદંતર નિષ્ફળતા જ લેખાશે. આશા રાખીએ કે ફિનિક્સ પંખીની જેમ ખાડે ગયેલું અર્થતંત્ર પૂરા જોશ સાથે ૨૦૨૧માં બેઠું થાય અને ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે ગુમાવેલી શાખ પુનઃ પ્રાપ્ત કરે.

**તંત્રીસ્થાનેથી...**

# દ્રૌપદીનો પૂર્વજન્મ

બે મિત્રો હતા. ઋષિ દુરવાસા અને ઋષિ મેધાવી. પ્રકૃતિમાં તફાવત - દુર્વાસા ફરતા રહે; મેધાવી પોતાના આશ્રમમાં સ્થાયી.

મેધાવીનાં પત્નીને પુત્રીનો જન્મ થયો. અને પત્નીનું અવસાન થયું. મેધાવીએ પુત્રીનું નામ મેધાવતી રાખ્યું. એનો ઉછેર પોતાની રીતે કરતાં હતા. મેધાવતી દેખાવમાં અને સ્વભાવમાં - બંને રીતે સુંદર હતી. નામ પ્રણાણે એની મેધા તીવ્ર. બધી બાબતોને તર્કથી પ્રમાણીને પછી જ સ્વીકારે. તે સાહિત્ય શાસ્ત્ર, નીતિશાસ્ત્ર વગેરે વિદ્યાઓમાં પારંગત હતી.

તકલીફ એ એક જ હતી. તેજસ્વીની કનયાને પોતાને અનુરુપ પતિ જલદી ન મળે. મેધાવીને એની આ ચિંતા રહેતી. એકવાર એણે આશ્રમ પુત્રીને સોંપ્યો. એને અનુરુપ પતિની શોધ માટે દેશાટનમાં નિકળી પડ્યા.

દુર્ગાગ્યે, એની આ યાત્રા સફળ ન રહી. એ હારી થાકીને, પાછા આવ્યા. પરંતુ થાક, રઝળપાટ તાપને કારણે એને સખત તાવ આવ્યો. અંતે આ તાવ એનાં અવસાનમાં કારણ બન્યો. ઋષિ મેધાવીને હરિસ્મરણ સાથે પોતાનો દેહ છોડ્યો.

મેધાવતીને તો જાણે દુઃખના પહાડ તૂટી પડ્યા. એણે વ્યથા આ થઈ - 'પોતાને કારણે પિતાએ જીવ ગુમાવ્યો. એ



એકમાત્ર આધાર હતા.'

ઋષિ દુર્વાસા એ સમયે કૈલાસપર્વતમાં હતા. એણે આ સમાચાર જાણી લીધા. એ તરત જ મેધાવીના આશ્રમે આવ્યા. મેધાવતી એમનું ઊચિત સ્વાગત કર્યું; પછી રડવા લાગી. દુર્વાસાએ આશ્વાસન આપ્યું, એની વ્યથા જાણી - 'પિતાની ઈચ્છા મારા વિવાહની હતી. એ અધુરી છે, એને એમણે પ્રાણ ગુમાવ્યા.' દુર્વાસાએ ઉપાય બતાવ્યો - 'હવેથી ત્રીજો માસ પુરુષોત્તમ માસ છે. તું એમાં પુરુષોત્તમની ઉપાસના કર દીકરી! તારો વિવાહ થઈ જશે.'

મેધાવતીએ અનિચ્છા વ્યક્ત કરી. 'આ માસ તો મલિન છે. શિવ, સૂર્ય, રામ, જગદંબા - આને મૂકીને, પુરષોત્તામ શા માટે ?' દુર્વાસાએ કહ્યું, 'આ તો પુરુષોત્તમનું અપમાન તું કરે છે. તને ચેતવી દઉં છું. આવતો જન્મ, તને દુઃખમાં જશે. મારા તો તને આશીર્વાદ છે - તારું કલ્યાણ થાવ.' મેધાવતી એ પ્રણામ કર્યા. દુર્વાસાએ વિદાય લીધી.



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

પાર્વતીએ અનુરુપ પતિ મેળવવા શંકરની ઉપાસના કરી હતી. મેધઆવતી એમનો અનુસરી. એણે ભગવાન શંકરની તપશ્ચર્યા શરૂ કરી. પાર્વતીની જેમ જે તપસ્યા કરી. તપશ્ચર્યા ઉગ્ર બની. અંતે, શિવજી પ્રસંગ થાય. એ તો અંતર્યામી હતા. એની સમસ્યા સમજી ગયા. એને વરદાન આપ્યું. 'તને પતિ પ્રાપ્ત થશે. આવતે જન્મે તને પાંચ પતિ હશે. એ દેવના અંશરુપ ભાઈઓ ક્ષત્રિય રાજકુમારો હશે. એ ગુણવાન પુરુષો તારી સંભાલ લેશે.' મેધાવતીએ પ્રણામ કર્યા. અને શિવજીએ વિદાય લીધી.

થોડા સમયમાં મેધાવતીએ દેહ મૂક્યો, અવસાન પામી પાંચાલ પ્રદેશમાં રાજા દ્રુપદ ધાર્મિક હતા, એ યજ્ઞસેન હતા. એમને એકવાર યજ્ઞ શરૂ કર્યો. એની જવાળામાંથી કન્યા પ્રગટી. આથી વર્ણ કૃષ્ણ હતો, એટલે કૃષ્ણા કહેવાઈ. આ કૃષ્ણાના યાજ્ઞાસેની અને પાંચાલી નામો થયાં પરંતુ એનું આ નામ પ્રચલિત થયું - દ્રૌપદી.

# ગુજરાતમા સોલંકી વંશની સ્થાપના કોણે કરી હતી?

## ભારતનો ઈતિહાસ

૧ સિંધુ ખીણની સંસ્કૃતિ રોપડ સ્થળ હાલમાં કયા આવેલું છે ?
(અ) પંજાબ (બ) હરિયાણા
(ક) ઉત્તરપ્રદેશ (ડ) કાશ્મીર

૨ મહાત્મા બુદ્ધે પોતાનો પ્રથમ ઉપદેશ કયા સ્થળે આપ્યો હતો ?
(અ) લુમ્બિની (બ) સારનાથ
(ક) વારાણસી (ડ) પ્રયાગ

૩ મહાવીર સ્વામીએ કઈ નદી કિનારે સર્વોચ્ચ જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી ?
(અ) ગંગા (બ) ભગીરથી
(ક) કાલકા (ડ) ઋજુપાલિકા

૪ ગુજરાતના કયા સ્થળે દ્વિતીય જૈન સંગીતીનું આયોજન થયું હતું ?
(અ) પાટણ (બ) પાલીતાણા
(ક) વલભીપુર (ડ) ધોળકા

૫ સિકંદરે ભારત પર કયારે આક્રમણ કર્યું હતું ?
(અ) ઈ.સ. પૂર્વે ૩૨૬ (બ) ઈ.સ. પૂર્વે ૨૬૧
(ક) ઈ.સ. ૩૨૬ (ડ) ઈ.સ. ૨૬૧

૬ ગ્રીક શાસક સેલયુલસ નિકેટરને કયા રાજાએ હરાવ્યો હતો?
(અ) રુદ્રદામનને (બ) બૃહદ્રયે
(ક) ચંદ્રગુપ્ત મૌર્યે (ડ) ધનાનંદે

૭ સાતવાહન વંશની સ્થાપના કોણે કરી હતી ?
(અ) હર્ષવર્ધને (બ) સમુદ્ર ગુપ્તે
(ક) સ્કંદગુપ્તે (ડ) સિમુકે

૮ ચાલુક્ય રાજા પુલકેશિન બીજાએ કોને હરાવ્યો હતો ?
(અ) સમ્રાટ હર્ષવર્ધને (બ) સ્કંદગુપ્તને
(ક) ચંદ્રગુપ્ત બીજાને (ડ) યશોવર્ધનને

૯ તરાઈનનું પ્રથમ યુદ્ધ કયારે થયું હતું?
(અ) ઈ.સ. ૧૦૯૧ (બ) ઈ.સ. ૧૧૯૧
(ક) ઈ.સ. ૧૨૩૦ (ડ) ઈ.સ. ૧૨૯૧

૧૦ ગુજરાતમા સોલંકી વંશની સ્થાપના કોણે કરી હતી?
(અ) મૂળરાજ સોલંકી (પ્રથમ) (બ) ભીમદેવ સોલંકી (પ્રથમ)
(ક) સિદ્ધરાજ સોલંકી (ડ) લક્ષ્મણ સેન

૧૧ ઈલોરાના પ્રસિદ્ધ કૈલાશ મંદિરનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?
(અ) મહેન્દ્ર વર્મન (બ) રાષ્ટ્રકુટ વંશના શાસન કૃષ્ણ પ્રથમ
(ક) નરસિંહ વર્મન (ડ) અનંતવર્મન

૧૨ ચીની મુસાફર હુએન સંગે કોના સાશનમાં મુલાકાત લીધી હતી ?
(અ) પુલકેશિન બીજા (બ) પાલશાસક ધર્મપાલ
(ક) યશોવર્ધન (ડ) લક્ષ્મણ સેન

૧૩ કુતુંબ મિનારનું નિર્માણ કાર્ય કોણે પુરું કરાવ્યું ?
(અ) જલાલુદ્દીન ખીલજી (બ) અલ્લાઉદ્દીન ખીલજી
(ક) કુતબુદ્દીન ઐબકે (ડ) ઈલ્તુતમિશ

૧૪ અમીર ખુશરો અને હસનદહેલવી જેવા નામાંકિત કવિઓ કોના દરબારમાં હતા?
(અ) અલાઉદ્દીન ખીલજી (બ) જલ્લાલુદ્દીન ખિલજી
(ક) ગ્યાસુદિન તઘલખ (ડ) મોહમદ બિન તઘલખ

૧૫ સૈયદ વંશની સ્થાપના કોણે કરી હતી ?
(અ) ફિરોજ શાહ (બ) ગ્યાસુદીન
(ક) ખ્રિજખાં (ડ) જૂના ખાં (મહોમદબીન)



**ખજાનો**
**અનિલ પટેલ**

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૬ ઓકટોબર : વિશ્વ અન્ન દિવસ
  - સરકાર દ્વારા 'રાષ્ટ્રવીર' તરીકે સન્માનિત શૌર્યવંતા છેલભાઈ દવેનો જન્મદિવસ (૧૮૮૯)
  - સ્વતંત્ર ઈઝરાયેલના પ્રથમ વડાપ્રધાન ડેવિન બેન ગુરિયનનો જન્મદિવસ (૧૮૮૬)
  - વી કે નારાયણ મેનની જન્મજયંતિ (૧૮૭૮)
  - બિરંચીકુમાર બહુઆની જન્મજયંતિ (૧૯૦૮)
- ૧૭ ઓકટોબર :
  - ભારતીય ક્રિકેટર અનિલ કુંબલેનો જન્મદિવસ (૧૯૭૦)
  - જાણીતા રાજકીય આગેવાન બળવંતભાઈ મનવરનો જન્મદિવસ (૧૯૪૩)
  - વેદાંત જ્ઞાનનો સંદેશો દેશ-વિદેશમાં વ્યાપક કરનાર સ્વામી રામતીર્થની પુણ્યતિથિ (૧૯૦૬)
  - અભિનેત્રી સ્મિતા પાટીલનો જન્મદિવસ (૧૯૫૫)
- ૧૮ ઓકટોબર :
  - મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિશનનું નિધન (૧૯૩૧)
  - દમદાર અભિનય માટે જાણીતા ઓમપુરીનો જન્મદિવસ (૧૯૫૦)
  - ગુજરાતમાં રિફાઈનરીના બે યુનિટનું ડ. રાધાકૃષ્ણને ઉદ્‌ઘાટન કર્યુ (૧૯૬૬)
  - ભારત- પાકિસ્તાન વચ્ચેની મેચમાં વિનુ માંકડે ૧૩ વિકેટ લીધી હતી. (૧૯૫૨)
- ૧૯ ઓકટોબર : માનવ ગૌરવ દિન
  - સ્વાધ્યાય પ્રવૃત્તિના આધ્યસ્થાપક પૂજ્ય પાડુરંગ આઠવલેનો જન્મદિવસ (૧૯૨૦)
  - રત્નમણી રાવ ભી. જોટેની જન્મજયંતિ (૧૮૯૫)
  - ગઝલકાર અને પત્રકાર અબ્બાસ અબ્દુલઅલી વાસી 'મરીઝ'ની પુણ્યતિથિ (૧૯૮૩)
- ૨૦ ઓકટોબર :
  - સાહિત્યકાર જયંત પાઠકનો જન્મદિવસ (૧૯૨૦)
  - સરસ્વતીચંદ્રના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીનો જન્મદિવસ (૧૮૫૫)
  - ભારત પર ચીને આક્રમણ કર્યું (૧૯૬૨)
  - ભારતના ઉત્તરકાશીમાં આવેલ ભૂકંપમાં ૬૭૦ લોકોનાં મોત થયા (૧૯૯૧)
- ૨૧ ઓકટોબર : પોલીસ સ્મૃતિ દિન
  - ફ્રાન્સમાં પ્રથમ વખત મહિલાઓને મત આપવાનો અધિકાર મળ્યો (૧૯૪૫)
  - ચીનના સૈન્યે તિબેટ પર કબ્જો કર્યો (૧૯૫૦)
  - જયપ્રકાશ નારાયણે કોંગ્રેસ સોશિયાલીસ્ટ પાર્ટીની રચના કરી (૧૯૩૪)
  - સેન્સબરી નામે સુપર મોલ શરૂ કરનાર લોર્ડ એલન સેન્સબરીનું નિધન (૧૯૯૬)
- ૨૨ ઓકટોબર :
  - નોબેલ પારિતોષિક વિજેતા સાહિત્યકાર ડોરિંગ લેસિંગનો જન્મદિવસ (૧૧૧૯)
  - પંજાબમાં આવેલ ભાખરા નાંગલ બંધ ખુલ્લો મુકાયો (૧૯૬૩)
  - ભારતનું પ્રથમ ચંદ્રાયાન-૧ છોડવામાં આવ્યું (૨૦૦૮)
  - દમદાર ચરિત્ર અભિનેતા કાદરખાનનો જન્મદિવસ (૧૯૩૬)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

પ્રશ્ન : બિહાર રાજયની ચૂંટણીમાં એનડીએનો કયો પક્ષ અલગ પડી સ્વતંત્ર ચુંટણી લડી રહ્યો છે? જવાબઃ સ્વ રામવિલાસ પાસવાનની પાર્ટી એલ.જે.પી. જેનું સુકાન હાલમાં ચિરાગ પાસવાન કરી રહ્યા છે.

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો. જુ. સાયન્સ કૉલેજ (૨) ઋજિત રાવલ : સે-૭ડી (૩) મૂળજીભાઈ પરમાર દધિ : સે-૭ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૬) મીત પી પટેલ : સે-૨૩ (૭) મહેશ એમ જાદવ : ગૂ વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ

તાજેતરમાં ન્યૂઝ ચેનલના કયા પત્રકાર અનેક વિવાદોમાં ઘેરાયા છે?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# નોખી સેવાનું અનોખું સરવૈયું

જગદીશ નામે એક છોકરો... વિદ્યાર્થી જગદીશ ભારે તોફાની. મા-બાપે કંટાળી જઈ એને બોર્ડિંગમાં ધકેલ્યો. ત્યાં એના તોફાનોથી ત્રાસી ગયેલા ગૃહપતિએ ટ્રસ્ટીઓને 'અલ્ટીમેટમ' આપ્યું કે : 'કાં જગદીશ નહીં, કાં હું નહીં!' ટ્રસ્ટીઓને ઓછા પગારે કામ કરતા ગૃહપતિની વધારે જરૂર હતી. બોર્ડિંગમાંથી એક છોકરો ઓછો થાય એનો વાંધો ન હતો... એટલે જગદીશને કાઢી મૂક્યો... આ સમાચાર સાંભળી મા-બાપ ગભરાયાં કે આ તોફાની બારકસને પાછો ઘરમાં સહન કરવો પડશે!

આ જગદીશ એટલે આજના આપણા પ્રસિદ્ધ હાસ્યકલાકાર જગદીશ ત્રિવેદી... તેઓ પોતાના પરાક્રમો વિશે હળવી શૈલીમાં લખે છે : 'બોર્ડિંગમાથી 'રસ્ટીકેટ' કરાયા પછી મારી દશા અયોધ્યાની ગાદી જેવી હતી... ના રામ રાખે, ના ભરત!! સ્કૂલમાં મારાં તોફાનોથી ત્રાહિમાન પોકારી ગયેલા શિક્ષકે મને અગિયારમામાં નાપાસ કર્યો. અગિયારમાં ધોરણમાં કોઈને નાપાસ ન કરાતા, પણ મને કર્યો. મેં નક્કી કર્યુ કે અગિયારમામાં ભલે શિક્ષકે નાપાસ કર્યો, બારમામાં હું જાત મહેનતથી નાપાસ થઈને બતાવીશ... આપણે એવા કેવા 'હેન્ડીકેપ્ટ' કે નાપાસ થવા શિક્ષકનું અવલંબન લેવું પડે? જાતે નાપાસ તો થઈ શકીએ?

આ હાસ્ય કલાકાર, નાટ્યલેખક, જગદીશ ત્રિવેદીએ હમણાં 'સેવાનું સરવૈયું' પ્રગટ કર્યું છે. ના, ના... આ કોઈ એમનું હાસ્યનું પુસ્તક નથી... આ તો છે એમના એક 'મહાસંકલ્પ' થકી થઈ રહેલી 'ઉમદા સેવા'ના રોકડા હિસાબનું સરવૈયું - 'સેવાનું સરવૈયું.'



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

વિગતે વાત કરીએ. સુરેન્દ્રનગરમાં વસતા પણ દેશ-વિદેશમાં ગુજરાતીઓના હૈયામાં એક સફળ-લોકપ્રિય, ઊંચા ગજાના હાસ્ય કલાકાર તરીકે કાયમી વસી ગયેલા જગદીશભાઈએ સૌ સમક્ષ પોતાનો નિર્ણય જાહેર કર્યો કે મારી ૫૦ વર્ષની ઉંમર પછી હું હાસ્યના કાર્યક્રમોમાંથી જે કમાઈશ એમાંથી એકેય રૂપિયો ઘરમાં નહીં લઈ જાઉં... એ સઘળી આવક શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે સમાજપયોગી સેવાકાર્યમાં જ વાપરીશ. અને હાસ્યકાર ઓકટોબર, ૨૦૧૭થી એમના આ મહાસંકલ્પને પૂરી ગંભીરતાથી પાળી રહ્યા છે. એં સંદર્ભે ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ એમ અત્યાર સુધીનાં ત્રણ વર્ષમાં પોતાના કાર્યક્રમો થકી રળેલી રૂા. એક કરોડ કયાંક શાળાના ઓરડાઓ બાંધવા, કયાંક આરોગ્ય સેવા સુદૃઢ કરવા, વાચનાલયો ઊભાં કરવા, કોઈને અભ્યાસમાં તો કોઈને દવા-સારવાર સહાય અર્થે આપી દીધા છે... અને હવે તેઓશ્રીએ પોતાની આ 'સેવાનું સરવૈયું' પુસ્તકરુપે આવક-જાવકના ચોખ્ખા હિસાબો સાથે સૌ પ્રસિદ્ધ કર્યુ છે... હાસ્ય કલાકાર ભલે બધાંને હસાવે એવી વાત કરતા હોય પણ આ વાત - સંકલ્પને એમણે હસવામાં નથી કાઢી નાખ્યો.એનો પ્રત્યક્ષ પૂરાવ છે, 'સેવાનું સરવૈયું'.

હાસ્ય કલાકાર બન્યાં પહેલાં જગદીશભાઈ ઝેરોક્ષની દુકાન કરી હતી. એમતો પછી શાહબુદ્દીન ભાઈ સાથે મુંબઈમાં હાસ્ય કલાકાર તરીકે પોતાનો પહેલો પ્રોગ્રામ આપવા ગયેલા ત્યારે ઓડિયન્સ જોઈ, ગભરાઈ ગયેલો અને 'હું નહીં બોલી શકું...' કહી સ્ટેજ પર છોડી ગયેલા... પરંતુ પહેલેથી દૃઢ સંકલ્પી ખરા જ. તેથી જ ૫૦ વર્ષ પછી હાસ્યના કાર્યક્રમોની કમાણી સેવામાં વાપરવાના સંકલ્પને જેમ દૃઢતાપૂર્વક વળગી બતાવે છે એમ જ 'હાસ્યકલાકાર બનવું જ છે'ના મક્કમ નિર્ધારના કારણે પછી કલાકાર તરીકે એમની ગાડી એવી ઉપડી કે આજે 'ટોપ ગિયર'માં ફૂલસ્પીડે દોડી રહી છે.

'હળવે હૈયે' માં મોટા ગજાના હાસ્ય કલાકારની વાત માંડવાનો આશય એટલો જ કે શાળા જીવનમાં બબ્બે વાર નાપાશ થનાર જગદીશભાઈના નામથી તકલીવાળા શાળાના ઓરડાઓના ઉદ્‌ઘાનમાં આજે સમાજના અગ્રણીઓ હાજર રહે એ કેવી મોટી વાત કહેવાય.

બાકી તો લો, કાલથી આરંભાશે નોરતાં...'વિશ્વનું સૌથી લાંબુ નૃત્ય' કરવાના - ગરબે ઘૂમવાના દિવસો - સોરી રાતોનું મંગળ ટાણું... પણ હાયરે કાળમુખા - અમંગળ 'કોરોના' તેરે કારણ આ નવરાત્રિમાં 'નો ગરબાં...'

આના કારણે એક તરફ ગાયકો, સંગીતકારો, ડી.જે., મંડપવાળાઓની રોજીની ચિંતા છે તો બીજી તરફ નવરાત્રિનો 'ન' અને ગરબાનો 'ગ' કાને પડતાં જ જેમના પગ નવે ય રાત્રિ (અરે નવ ને બદલે દસ-બાર પંદર રાત્રિઓ હોય તોય) ગરબે ઘૂમવા થનગની ઊઠે છે એવા વીર ગરબાવાળા / વાળીઓનું શું થશે ? ફિકર નોટ ઘણા ખેલૈયાઓએ તો પોતપોતાનાં ઘરમાં 'અલ્ટીમેટમ' આપી દીધું છે. કે કાલથી રાત્રે ઘરના ડ્રોઈંગરુમને હું ફર્નિચર આઘુંપાછું કરીને, માનો 'ચાચર ચોક' બનાવી દઈશ. ન એઈને ... સીડીમાં વાગતા ઢોલના તાલે હું ગરબા લઈશ - રાસ રમીશ... આ વર્ષે તો દિવાળી પણ દર વર્ષની જેમ આપણે નહીં ઊજવી શકીએ... તોય દિવાળી - નૂતન વર્ષનું સ્વાગત કરવા ઘરની સાફ-સફાઈ, ડેકોરેશન તો કરવાં જ પડશેને.... ઘણાં ઘરોમાં ગાદલા તપાવવાનો, માળિયો ચઢાવેલા (અને આખા વરસમાં સમ ખાવાય ઉપયોગમાં નહીં લેવાયેલાં) વાસણો માંઝવાનો, બારી-બારણાં, દિવાલોની ઝાપડ-ઝૂપટનો, ઘરમાં ભેગો થયેયો ભંગાર - પસ્તી - નકામી ચીજોનો નિકાલનો ઉદ્યમ આદરી દેવાયો નજરે પડે છે... (પસ્તી-ભંગારવાળાઓની ઉભરાતી લારીઓ જોઈ આની ખબર મળે છે!!)

દિવાળી એટલે વર્ષ આખાના હિસાબો કરવાનો, નફા-તોટાનું સરવૈયું માંડવાનો સમય. 'સરવૈયું' યાદ આવ્યું અને અમે 'હળવે હૈયે'માં પ્રિય જગદીશભાઈ ત્રિવેદીની 'સેવાનું સરવૈયું' વિશે વાત કર્યા વિના ન રહી શક્યા.